SHAYONA
INSTITUTE OF BUSINESS MANAGEMENT

Shayona Institute of Business Management has been established by Ghanshyam charitable trust in 2011 by Mr. Sureshbhai Patel, Managing Director of Shayona Group.

Shayona Institute of Business Management is affiliated to GTU and approved by AICTE.
It offers 2 years of MBA program.
Shayona Institute of Business Management has arranged 2 days of orientation 2021 program for newly enrolled students of MBA.

Orientation program has been inaugurated by Trustee Mr. Sureshbhai Patel and Mrs. Urvashiben Patel, Campus Director Mr. Bhavin Patel ,HOD Dr. Prashanti Kothari, Prof. Rakesh Sarvaiya, Prof. Paresha Parekh, Prof. Poonam Mehta,Prof. Priyanka Patel by enlightening the holy lamp.

The main purpose for this orientation program is to bring out capabilities of students and to guide them for management course. On the first day of the orientation program institute has invited **Ms. Himani,** Managing Director of Himani's Happiness Hub. Ms. Himani has taught students to activate subconscious mind and also enlightened students about how they can lead their life with positivity and confidence. On the second day of orientation main speaker was **Mr. Akash Zala,** lead actor of national award winning film Hellaro, who has won the GIFA Award. Mr. Akash Zala has taken theatre workshop and session of Confidence Management Technique through which students can understand their innate capabilities. According to students the orientation program was informative and they have participated enthusiastically in this 2 days event.






CONTROL

## ISIના કારસ્તાન મામલે NIAની ટીમે તપાસ શરૂ

# 500 કિલો હેરોઇન કેસઃ NIAએ ટ્રાન્સફર વોરંટથી આરોપી શાહિદની ધરપકડ કરી

વગુજરાત સમય > અમદાવાદ




ગુજરાતના માર્ગે 500 કિલો કરોડોનું ોઈન ઘૂસાડવાના પ્રકરણમાં શાહિદ સમ સુમરાની નેશનલ ઈન્વેસ્ટિગેશન જન્સી (NIA)એ ટ્રાન્સફર વોરન્ટથી ધપકડ કરી હતી. ત્યારબાદ NIAની મે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે અમદાવાદની . કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી ી હતી. જે માંગણી કોર્ટે ગ્રાહ્ય ખતા NIAની ટીમે તપાસ શરૂ કરી NIAના સૂત્રોના જણાવ્યા અનુસાર ારોપી શાહિદ કાસમ સુમરાએ 500 લો હેરોઈન પાકિસ્તાનથી વહાણમાં વી ગુજરાતના જખૌ દરિયામાં આઠ ઈલ અંદર વહાણ મારફતે ડિલિવરી કરાવીને માંડવીમાં રહેતા આરોપી રફીક આદમ સુમરાને આપ્યું હતું. પોલીસે ISIના કારસ્તના મામલે પણ તપાસ શરૂ કરી છે.

NIA દ્વારા આરોપી શાહિદ કાસમ સુમરાની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી સ્પે. કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કર્યો હતો. જ્યાં 15 દિવસના રિમાન્ડ માગતા NIAએ જણાવ્યું હતું કે, પાકિસ્તાનથી દાણચોરી કરવામાં આવતા કુલ 500 કિલો હેરોઈનમાંથી 200 કિલોગ્રામનો કચરો ભરીને ઈન્દ્રેશ રામબચ્ચન નિશાતની ટ્રકમાં લાકડાંની પેનલો વચ્ચે છૂપાવવામાં આવ્યો હતો. 300 કિલો હેરોઈન જીરું અને સુવાના થેલામાં સંતાડીને અવર ટ્રાન્સપોર્ટ મારફતે અમૃતસર પહોંચાડાયો હતો. જમ્મુ અને કાશ્મીરના રહેવાસી નાઝિર અહેમદ અને મન્નુર અહેમદે આ જથ્થો અમૃતસરમાં સિમરનજિતસિંહ સંધુને હવાલે કર્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલા અરશદ અબ્દુલ રઝાક સોટા અને બે ફરાર પાકિસ્તાની નાગરિકો પાકિસ્તાનથી 500 કિલો હેરોઈનની દાણચોરી કરવા દુબઈમાં ષડયંત્ર રચ્યું હતું. આરોપીને સાથે રાખીને તપાસ માટે કચ્છ લઈ જવાનો છે. એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપી દુબઈમાં રહીને ડ્રગ્સની ગુજરાતના કચ્છમાં હેરાફેરી કરાવતો હતો. જેમાં પાકિસ્તાનના ક્યા આતંકવાદી ગ્રૂપ સાથે સંકળાયેલ છે તેની તપાસ કરવાની છે. આરોપી આતંકવાદી સંગઠનો અને આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો હોય તે બાબતે તપાસ કરવાની છે. ગુજરાત અને પંજાબના યુવાધનને બરબાદ કરવા માટે ડ્રગ્સના વેપલામાં સામેલ કોણ-કોણ છે તેની માહિતી મેળવવાની છે તેથી રિમાન્ડ આપવા જોઈએ. આવી રજૂઆત બાદ કોર્ટે આરોપીને રિમાન્ડ પર સોંપ્યો છે.

## શાહિદ મૂળ ગુજરાતનો અને ISI સાથે સંકળાયલો છે

અમદાવાદઃ તપાસમાં એવી વિગત પણ ખુલી છે કે, શાહિદ સુમરા મૂળ ગુજરાતનો રહેવાસી છે અને ISI સાથે સંકળાયેલો છે. તે ડ્રગ્સની હેરાફેરીના રૂપિયા ટેરર ફન્ડિંગમાં વાપરતો હતો. તે ISIના ઈશારે તે ગુજરાત અને પંજાબમાં ડ્રગ્સનું દરિયાઈ માર્ગે ઘૂસાડવાનું કામ કરતો હતો. આરોપી દરિયાઈ માર્ગે ડ્રગ્સની હેરાફેરી કરવા માટે નાની ફાઇબર બોટનો ઉપયોગ કરતો હતો. નાની બોટો દ્વારા અલગ અલગ જગ્યાએ ડિલિવરી કરાવતો હતો. ડ્રગ્સના સપ્લાયર તરીકે પાકિસ્તાનનો હાજી હમીદ મુખ્ય સૂત્રધાર છે.

# શાયોના ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ દ્વારા MBA વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન






નવગુજરાત સમય > અમદાવાદ

શાયોના ઈન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ દ્વારા MBA વિદ્યાર્થીઓની 2021ના વર્ષની નવી બેચ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. 2011થી શરૂ કરવામાં આવેલી આ સંસ્થા GTU અને AICTE માન્ય સંસ્થા છે. સંસ્થા દ્વારા આજ સુધીમાં મેનેજમેન્ટ ક્ષેત્રે ઘણા નિષ્ણાતો તૈયાર થયેલા છે. સંસ્થામાં MBA ડિગ્રીનો રેગ્યુલર 2 વર્ષનો અભ્યાસ કરાવવામાં આવે છે. તા. 23 અને 24 સપ્ટેમ્બરે બે દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી સુરેશભાઈ પટેલ, સુશ્રી ઉર્વશીબેન પટેલ, અધ્યાપકગણ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મૂળ ઉદેશ્ય સ્ટુડન્ટ્સને મેનેજમેન્ટ સંબંધિત કૌશલ્યોની ઓળખ આપવાનો હતો. આ કાર્યક્રમમાં પ્રથમ દિવસે HIMANI 's HAPPINESSના ડિરેક્ટર હિમાની ઉપસ્થિત રહ્યા હતા તેમણે યૂથને અર્ધજાગ્રત મનની જાગૃતિ અને સકારાત્મક દૃષ્ટિકોણથી અભ્યાસમાં કાર્યસિદ્ધિ અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. બીજા દિવસે નેશનલ એવોર્ડ વિનિંગ ફિલ્મ હેલ્લારોના લીડ એક્ટર આકાશ ઝાલાએ ઉપસ્થિત રહીને થિએટર વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને બહાર લાવવાનો સફળ પ્રયાસ કર્યો હતા. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનો પ્રતિસાદ ખૂબ સકારાત્મક જોવા મળ્યો હતો.